# Career Counselling & Development Centre
## Saurashtra University, Rajkot
104, 1st Floor, Academic Centre,
B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005
Ph. : 0281-2587144, ccdcsauuni@yahoo.co.in

CCDC

Re-Accredited
Grade A by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator


Ref.:
Date: 24/11/2016

## <u>પ્રેસનોટ</u>

### કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા 'સીનીયર કલાર્ક' ની ૫૬૮ જગ્યાઓ માટેની ભરતીના તાલીમ વર્ગો ૮ ડિસેમ્બર, ૨૦૧૬ થી શરૂ કરાશે....

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (સી.સી.ડી.સી.) રોજગાર લક્ષી તાલીમમાં નિષ્ણાંતો દ્વારા સફળતાલક્ષી માર્ગદર્શન આપવામાં આવે છે. તાજેતરમાં સચિવાલય વિભાગોના નિયંત્રણ હેઠળના ખાતાના વડાની કચેરીઓ ખાતેની સીનીયર કલાર્ક વર્ગ–૩ ના કોચિંગ વર્ગો તા. ૮ ડિસેમ્બર, ૨૦૧૬ થી શરૂ થશે.

તાજેતરમાં પી.એસ.આઈ. તથા સ્ટાફ સિલેકશન જગ્યાઓ માટેના તાલીમ વર્ગનું આયોજન સી.સી.ડી.સી. દ્વારા સફળતાપૂર્વક શરૂ કરવામાં આવેલ છે. આ તાલીમ વર્ગમાં સામાન્ય જ્ઞાન (ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પ્યુટર ને લગતું સામાન્ય જ્ઞાન, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ), ગુજરાતી વ્યાકરણ, ગુજરાતી સાહિત્ય, અંગ્રેજી વ્યાકરણ અને ગાણિતિક તથા તાર્કિક કસોટીઓ વગેરેનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે.

ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૦૫–૧૨–૨૦૧૬ સુધીમાં સી.સી.ડી.સી., ૧૦૪, એકેડેમિક સેન્ટર, પ્રથમ માળ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન ફી સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, સીનીયર કલાર્કનું ઓનલાઈન ભરેલ ફોર્મ, ગ્રેજયુએશન માર્કશીટ, ફોટો આઈ.ડી.પ્રુફ અને લીવીંગ સર્ટીફીકેટ સાથે લાવવાનું રહેશે. આ તાલીમ વર્ગ માટેનું રજિસ્ટ્રેશન ફોર્મ રૂબરૂ અથવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વેબસાઈટ પરથી પણ મળી શકશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે. આ તાલીમ વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવશે.

પ્રતિ,
તંત્રીશ્રી,
ઉપરોકત માહિતી આપના પ્રસિદ્ધ દૈનિકમાં વિદ્યાર્થીઓના લાભાર્થે વિનામૂલ્યે પ્રસિદ્ધ કરવા વિનંતી.
આભાર સહ,

for, (signature)

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)